# GSSSB CBRT Adv 378 CCE 2026

| | |
|---|---|
| Test Date | 18/09/2026 |
| Test Time | 1:00 PM - 3:00 PM |
| Subject | 378 Combined Competitive Examination |

Section : **English**

**Q.1** **Choose the option that provides the correct one-word substitution for the underlined group of words in the sentence.**
**The scholar was an expert in the study of ancient writing systems.**

**Ans**
✗ 1. Anthropology
✓ 2. Epigraphy
✗ 3. Archaeology
✗ 4. Paleontology

**Q.2** **"She is reading a book." નો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?**

**Ans**
✗ 1. તે પુસ્તક ખરીદી રહી છે.
✓ 2. તે પુસ્તક વાંચી રહી છે.
✗ 3. તે એક પુસ્તક વેચી રહી છે.
✗ 4. તે પુસ્તક લખી રહી છે.

**Q.3** **Rectify the sentence by selecting the correct one from the options:**
**That was the most quickest race I have ever seen.**

**Ans**
✓ 1. That was the quickest race I have ever seen.
✗ 2. That was the most quickest race I have ever seen.
✗ 3. That was the quick race I have ever seen.
✗ 4. That was the more quick race I have ever seen.

**Q.4** **Choose the correct form of future tense to fill in the blank.**

**"Have you finalized your presentation details?"**
**"Yes, I _______ the digital slides to the committee by 5:00 PM."**

**Ans**
✗ 1. will be sending
✗ 2. will send
✓ 3. will have sent
✗ 4. am sending

**Q.5** **Choose the correct adjective to complete the given sentence.**

**Today is the ________ important day of my life.**

**Ans**
✗ 1. more
✗ 2. much
✓ 3. most
✗ 4. much more

**Q.6** **Identify the homonym of the word cell which conveys a different meaning than used in the sentence:**
**The prisoner was locked in a small cell overnight.**

**Ans**
✗ 1. The inmate spent several hours in his cell.
✗ 2. The prisoner was taken back to his cell after questioning.
✓ 3. The scientist examined the cell under a powerful microscope.
✗ 4. The guard locked the cell before leaving the prison.

**Q.7** **Select the option with the correct Passive voice usage.**
**I have paid the electricity bill.**

Ans
- ✗ 1. The electricity bill was paid by me.
- ✗ 2. The electricity bill was being paid by me.
- ✓ 3. The electricity bill has been paid by me.
- ✗ 4. The electricity bill is paid by me.

**Q.8** **In the given question, a sentence is divided into different segments. The first segment is fixed; rearrange the other segments to form a coherent statement.**

**To achieve a state of quantum entanglement, two particles must**
**(P) where the measurement of one instantaneously influences the other/ (Q) be linked in a way/ (R) regardless of the distance separating them/ (S) so their ultimate fates are correlated**

Ans
- ✗ 1. R P S Q
- ✓ 2. Q S P R
- ✗ 3. P R Q S
- ✗ 4. Q S R P

**Q.9** **Choose the correct word to fill in the blanks.**
**He cleaned ____ kitchen before making dinner.**

Ans
- ✗ 1. No article required
- ✗ 2. an
- ✓ 3. the
- ✗ 4. a

**Q.10** **Select the correct one-word substitution for the given group of words.**
**A person who takes part in a conversation or dialogue**

Ans
- ✗ 1. Dictator
- ✗ 2. Spectator
- ✗ 3. Orator
- ✓ 4. Interlocutor

**Q.11** **Choose the correct indirect speech form of the given sentence.**
**The doctor said to the patient, "You can resume light exercise after two weeks of rest."**

Ans
- ✓ 1. The doctor told the patient that he could resume light exercise after two weeks of rest.
- ✗ 2. The doctor told the patient that he can resume light exercise after two weeks of rest.
- ✗ 3. The doctor told the patient that he would resume light exercise after two weeks of rest.
- ✗ 4. The doctor told the patient that he might resume light exercise after two weeks of rest.

**Q.12** **Choose the synonym for the highlighted word in the sentence.**
**The scientist conducted a thorough investigation.**

Ans
- ✓ 1. Detailed
- ✗ 2. Lucky
- ✗ 3. Messy
- ✗ 4. Dubious

Q.13 **Choose the correct form of future tense to fill in the blank.**

**Don't phone me between 8:00 PM and 9:00 PM tonight because I _______ the live presidential debate.**

Ans
- ✗ 1. will watch
- ✓ 2. will be watching
- ✗ 3. will have watched
- ✗ 4. am going to watch

Q.14 **Select the most appropriate meaning of the given proverb.**

**There's no such thing as a free lunch.**

Ans
- ✗ 1. Everyone is equal at the dining table.
- ✗ 2. It is a good practice to serve food to the needy.
- ✗ 3. One must not wait for a free lunch every time.
- ✓ 4. People aren't just doing things to be nice.

Q.15 **Select the option which correctly converts the simple sentence to complex sentence:**
**I recognized the historic manor built by the legendary architect in the eighteenth century.**

Ans
- ✗ 1. I recognized the historic manor it was built by the legendary architect in the eighteenth century.
- ✗ 2. Having been built by the legendary architect in the eighteenth century, I recognized the historic manor.
- ✗ 3. I recognized the historic manor and it was built by the legendary architect in the eighteenth century.
- ✓ 4. I recognized the historic manor, which was built by the legendary architect in the eighteenth century.

## Section : **Gujarati**

Q.16 **નીચેનામાંથી સંજ્ઞા સાથે વિભક્તિનો ઉપયોગ થયો હોય તેવું વાક્ય શોધો.**

Ans
- ✓ 1. ભારતની સરહદ ચારેય તરફ સુરક્ષિત છે.
- ✗ 2. મેં તેને ગલામંડી જોયો હતો.
- ✗ 3. વાછરડું ગાય પાછળ-પાછળ દોડ્યું.
- ✗ 4. લાલ ટોપી પહેરેલો માણસ ચાલ્યો ગયો.

Q.17 **'પાણી' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.**

Ans
- ✓ 1. જળ
- ✗ 2. અનલ
- ✗ 3. કેસરી
- ✗ 4. ગૃહ

Q.18 **બે શબ્દો વચ્ચે માત્ર એક જ ધ્વનિ બદલાવાથી આખો અર્થ બદલાઈ જાય તો તે ધ્વનિને શું કહેવાય?**

Ans
- ✓ 1. અર્થભેદક ધ્વનિ ઘટક
- ✗ 2. અપ્રમાણભૂત ધ્વનિ
- ✗ 3. સંયુક્ત ધ્વનિ
- ✗ 4. ગૌણ ધ્વનિ

Q.19 **અલંકાર ઓળખાવો: ઓમની ગંભીરતા તો સાગર સમી છે.**

Ans
- ✗ 1. ઉત્પ્રેક્ષા અલંકાર
- ✗ 2. અનન્વય અલંકાર
- ✗ 3. વ્યાજસ્તુતિ અલંકાર
- ✓ 4. ઉપમા અલંકાર

Q.20 'તેણે મને મદદ કરવાનું વચન આપ્યું.' વાક્યનું નીચેનામાંથી સાચું અંગ્રેજી વિધાન કયું છે?

Ans
1. He promised to helped me.
2. He promised me help to.
3. He promised to help me.
4. He promised helping me.

Q.21 ઘાટાં ભીનાં વિપટ પર એ ત્યાં નિહાળે સુવર્ણ : આપેલ પંક્તિનો છંદ ઓળખાવો.

Ans
1. પૃથ્વી
2. શિખરિણી
3. મંદાક્રાન્તા
4. હરિણી

Q.22 'ઘાત' શબ્દની સાચી વર્ણરચના કઈ છે?

Ans
1. ઘ્ + ઓ + ત્ + અ
2. ઘ્ + અ + ત્ + અ
3. ઘ્ + આ + ત્ + અ
4. ઘ્ + અ + ત્ + આ

Q.23 નીચેનામાંથી કયા શબ્દની જોડણી શુદ્ધ (સાચી) છે?

Ans
1. કિરીત
2. કીરીટ
3. કિરીટ
4. કિરિટ

Q.24 "લ" પછી કયો અક્ષર આવે?

Ans
1. શ
2. વ
3. ર
4. હ

Q.25 આપેલ વિકલ્પમાંથી શબ્દસમૂહ માટે એક શબ્દ શોધો : 'પોતાની જાત સાથે છેતરપિંડી'

Ans
1. ઠગી
2. બગભગત
3. આત્મવંચના
4. આત્મસંયમી

Q.26 'આંગળીથી નખ વેગળા, તે વેગળા' કહેવતનો અર્થ શું છે?

Ans
1. બધા લોકો એકસરખા હોય છે.
2. એકતા જ સફળતા છે.
3. પારકાં પોતાનાં ન બને.
4. સંબંધો હંમેશા મજબૂત રહે છે.

Q.27 'મારુત' શબ્દનો સમાનાર્થી શબ્દ શોધો.

Ans
1. સમુદ્ર
2. વરસાદ
3. અગ્નિ
4. પવન

**Q.28** **નીચે આપેલ વાક્યોમાંથી લેખનશુદ્ધિની દૃષ્ટિએ સાચું વાક્ય ઓળખાવો.**

**Ans**
✔ 1. ગામડાનું શાંત અને શુદ્ધ વાતાવરણ મનને ખૂબ આનંદ આપે છે.
✘ 2. ગામડાનું શાંત અને શુધ્ધ વાતાવરણ મનને ખુબ આનંદ આપે છે.
✘ 3. ગામડાનું શાંત અને શુધ્ધ વાતાવરણ મનને ખૂબ આનંદ આપે છે.
✘ 4. ગામડાનું શાંત અને શુદ્ધ વાતાવરણ મનને ખુબ આનંદ આપે છે.

**Q.29** **'કાનફટા' શબ્દનો સમાસ ઓળખાવો.**

**Ans**
✔ 1. બહુવ્રીહિ
✘ 2. દ્વંદ્વ
✘ 3. તત્પુરુષ
✘ 4. કર્મધારય

**Q.30** **આ સાથે આપેલ ગુજરાતી વાક્યનો યોગ્ય અંગ્રેજી અનુવાદ ઓળખાવો : મને વાર્તાનાં પુસ્તકો વાંચવાં ગમે છે.**

**Ans**
✔ 1. I like to read story books.
✘ 2. I likes to read story books.
✘ 3. I am like to read story books.
✘ 4. Me like to read story books.

## Section : General Awareness and Current Affairs

**Q.31** **2015માં રાષ્ટ્રીય આવકના અંદાજોમાં થયેલા ફેરફાર પછી, સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (CSO) ભારતના ઉત્પાદનના માપદંડો (output measures)ને કેવી રીતે રજૂ કરે છે?**

**Ans**
✘ 1. બજાર કિંમતો પર ગ્રોસ વેલ્યુ એડેડ અને પરિબળ ખર્ચ (Factor Cost) પર કુલ ઘરેલું ઉત્પાદન રજૂ કરીને
✔ 2.
બજાર કિંમતો પર કુલ ઘરેલું ઉત્પાદન અને મૂળભૂત કિંમતો પર ગ્રોસ વેલ્યુ એડેડ રજૂ કરીને
✘ 3.
પરિબળ ખર્ચ (Factor Cost) પર કુલ ઘરેલું ઉત્પાદન અને બજાર કિંમતો પર ગ્રોસ વેલ્યુ એડેડ રજૂ કરીને
✘ 4.
મૂળભૂત કિંમતો (Basic Prices) પર કુલ ઘરેલું ઉત્પાદન અને પરિબળ ખર્ચ (Factor Cost) પર ગ્રોસ વેલ્યુ એડેડ રજૂ કરીને

**Q.32** **17માં એગ્રીકલ્ચર લીડરશિપ કોન્ક્લેવ ખાતે ગુજરાતને મુખ્યત્વે નીચેમાંથી કયા ક્ષેત્રમાં તેની સિદ્ધિઓ માટે એગ્રીકલ્ચર લીડરશીપ એવોર્ડ 2026 મળ્યો હતો?**

**Ans**
✔ 1. બાગાયત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટતા
✘ 2. કાર્બનિક કપાસની ખેતી અને નિકાસ
✘ 3. કૃષિ યાંત્રીકીકરણ અને ડ્રોન ટેકનોલોજી
✘ 4. પ્રાકૃતિક ખેતી અને બાજરી પ્રોત્સાહન

**Q.33** **જૂન 2026માં, ફ્રાન્સ ખાતે ઇમેન્યુઅલ મેક્રોન (Emmanuel Macron) દ્વારા આયોજિત ત્રણ દિવસીય ઉચ્ચ સ્તરીય બેઠક માટે વિશ્વની અગ્રણી વિકસિત અર્થવ્યવસ્થાઓના સરકારના વડાઓ (heads of government) એકત્રિત થયા હતા. ત્યારે કયું આંતરરાષ્ટ્રીય શિખર સંમેલન યોજાઈ રહ્યું હતું?**

**Ans**
✘ 1. NATO શિખર સંમેલન (NATO Summit)
✔ 2. G7 શિખર સંમેલન (G7 Summit)
✘ 3. BRICS શિખર સંમેલન (BRICS Summit)
✘ 4. G20 શિખર સંમેલન (G20 Summit)

**Q.34** **નીચેનામાંથી કયું મંદિર તેની વિશિષ્ટ દ્રવિડ શૈલી સ્થાપત્ય માટે જાણીતું છે?**

**Ans**
✘ 1. દિલવાડા/ દેલવાડા મંદિર, માઉન્ટ આબુ (Dilwara Temples, Mount Abu)
✔ 2. બૃહદેશ્વર મંદિર, તંજાવુર (Brahadeeswarar Temple, Thanjavur)
✘ 3. સૂર્ય મંદિર, કોણાર્ક (Sun Temple, Konark)
✘ 4. સુવર્ણ મંદિર/ ગોલ્ડન ટેમ્પલ, અમૃતસર (Golden Temple, Amritsar)

Q.35 **સ્વતંત્રતા સંગ્રામના સન્માનમાં, ગુજરાત સરકારે 2026 માં ઐતિહાસિક ગાંધી આશ્રમને કયા સ્થળે પુનઃસ્થાપિત કરવા માટે ₹3.36 કરોડ મજૂર કર્યા?**

Ans
✗ 1. દાંડી
✓ 2. ગોધરા
✗ 3. આણંદ
✗ 4. બારડોલી

Q.36 **નીચેનામાંથી કયું લક્ષણ (feature) એ ભારતીય સામાન્ય ચૂંટણીઓમાં ઉપયોગમાં લેવાતી ફર્સ્ટ-પાસ્ટ-ધ-પોસ્ટ (FPTP) પ્રણાલીનું વર્ણન કરે છે?**

Ans
✗ 1. મતદારો ઉમેદવારો (candidates)ને તેમની પસંદગીના ક્રમમાં ગોઠવે છે અને તે મુજબ મતને ટ્રાન્સફર કરવામાં આવે છે.
✓ 2. મતવિસ્તારમાં સૌથી વધુ માન્ય મત (valid votes) મેળવનાર ઉમેદવારને ચૂંટાયેલ જાહેર કરવામાં આવે છે.
✗ 3. મતવિસ્તારમાં પડેલા માન્ય મતોના અડધાથી વધુ મત મેળવનાર ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવે છે.
✗ 4. રાજકીય પક્ષોને તેમના કુલ માન્ય મતના હિસ્સા (share) અનુસાર બેઠકો ફાળવવામાં આવે છે.

Q.37 **દક્ષિણ અમેરિકાનો પેટાગોનિયાનો ઉચ્ચપ્રદેશ એ કયા પ્રકારના ઉચ્ચપ્રદેશનું ઉદાહરણ છે?**

Ans
✗ 1. આંતર-પર્વતીય ઉચ્ચપ્રદેશ
✗ 2.
તટીય ઉચ્ચપ્રદેશ
✓ 3.
પર્વત-પ્રાંતી ઉચ્ચપ્રદેશ
✗ 4.
ખંડીય ઉચ્ચપ્રદેશ

Q.38 **નીચેનામાંથી કઈ પરિસ્થિતિમાં ભારતના રાષ્ટ્રપતિ વડા પ્રધાનની નિમણૂક કરવામાં વિવેકાધિકાર (discretion)નો ઉપયોગ કરે છે?**

Ans
✗ 1. સંસદ સંપૂર્ણ બહુમતીથી વિધેયકો પસાર કરે ત્યારે
✓ 2. લોકસભામાં કોઈ પક્ષ પાસે સ્પષ્ટ બહુમતી ન હોય ત્યારે
✗ 3. મંત્રીમંડળ નિર્ણયો પર સંમત હોય ત્યારે
✗ 4. વડા પ્રધાન નીતિગત નિર્ણયોની સલાહ આપે ત્યારે

Q.39 **એક ધ્વનિ ચીપિયાને હળવેથી મારવામાં આવે છે અને તે ધ્વનિ ઉત્પન્ન કરતાં પહેલાં ઝડપથી આગળ પાછળ ગતિ કરવાનું શરૂ કરે છે. તેના દાંતાઓની આગળ-પાછળની ગતિ ________ તરીકે ઓળખાય છે.**

Ans
✗ 1. અસમાન ગતિ (Non uniform motion)
✓ 2. આવર્ત કંપન (Periodic vibration)
✗ 3. રેખીય સ્થાનાંતર (Linear translation)
✗ 4. પરિભ્રમણ ગતિ (Rotational motion)

Q.40 **1991 પછી ભારતમાં અમલમાં આવેલા નાણાકીય ક્ષેત્રના સુધારાઓ (Financial Sector Reforms) બાદ નીચેનામાંથી કયો ફેરફાર થયો હતો?**

Ans
✓ 1. ખાનગી અને વિદેશી બેંકોને વધુ સ્વતંત્રતા મળી
✗ 2. વિદેશી હૂંડિયામણના વેપાર પર બેંકો પર વધુ કડક નિયંત્રણો લાદવામાં આવ્યા
✗ 3. ગ્રામીણ બેંકિંગના વિસ્તરણ પરનો ભાર ઘટાડવામાં આવ્યો
✗ 4. જાહેર ક્ષેત્રની બેંકોને વિસ્તરણ માટેના વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા

Q.41 **આયોજન અને વિષયવસ્તુની દ્રષ્ટિએ ઋગ્વેદની સંરચના કેવી છે?**

Ans
✓ 1. તે 10 મંડળોમાં વિભાજિત છે જેમાં 1028 સૂક્તોનો સમાવેશ થાય છે.
✗ 2. તે 8 મંડળોમાં વિભાજિત છે, જેમાં 800 સૂક્તોનો સમાવેશ થાય છે.
✗ 3. તે 12 મંડળોમાં વિભાજિત છે જેમાં 1200 સૂક્તોનો સમાવેશ થાય છે.
✗ 4. તે 4 મંડળોમાં વિભાજિત છે જેમાં 400 સૂક્તોનો સમાવેશ થાય છે.

Q.42 એક દડાને સીધો ઉપરની તરફ (vertically) હવામાં ફેંકવામાં આવે છે અને જેમ જેમ તે ઊંચે જાય છે તેમ તેમ તેની ગતિ ધીમી પડતી જાય છે. દડાની આ ઉપર તરફની ગતિ દરમિયાન ગુરુત્વાકર્ષણ બળ દ્વારા દડા પર થયેલા કાર્યને નીચેનામાંથી કયું વિધાન યોગ્ય રીતે વર્ણવે છે?

Ans
✗ 1. અચળ (Constant), કારણ કે સમગ્ર ગતિ દરમિયાન ગુરુત્વાકર્ષણ બળ એ સમાન મૂલ્ય (same magnitude) સાથે લાગે છે.
✗ 2. ધનાત્મક (Positive), કારણ કે ગુરુત્વાકર્ષણ બળ ગતિની દિશામાં લાગે છે.
✗ 3. શૂન્ય (Zero), કારણ કે ગુરુત્વાકર્ષણ બળ ગતિની દિશાને લંબરૂપ (perpendicular) લાગે છે.
✓ 4. ઋણાત્મક (Negative), કારણ કે ગુરુત્વાકર્ષણ બળ ગતિની વિરુદ્ધ દિશામાં લાગે છે.

Q.43 મે 2026 માં કયા રાજ્યને ભારતમાં પ્રથમ સંપૂર્ણપણે કાગળરહિત (પેપરલેસ) ન્યાયતંત્ર જાહેર કરવામાં આવ્યું હતું?

Ans
✗ 1. ગોવા
✗ 2. ઉત્તરાખંડ
✗ 3. હિમાચલ પ્રદેશ
✓ 4. સિક્કીમ

Q.44 2026 ના ગ્રેમી એવોર્ડ્સમાં કયા કલાકારે 'આલ્બમ ઓફ ધ યર' (Album of the Year) જીત્યો હતો?

Ans
✗ 1. લેડી ગાગા (Lady Gaga)
✗ 2.
બિલી આઈલિશ (Billie Eilish)
✗ 3.
કેન્ડ્રિક લમાર (Kendrick Lamar)
✓ 4.
બેડ બન્ની (Bad Bunny)

Q.45 ગુજરાત (સપ્લિમેન્ટરી) એપ્રોપ્રિયેશન એક્ટ, 2026 શું પૂરું પાડવા માટે ઘડવામાં આવ્યો હતો?

Ans
✗ 1. નવા કરવેરા
✗ 2. નવી અદાલતો
✗ 3. નવા જિલ્લાઓ
✓ 4.
વધારાના ભંડોળ

Q.46 વિચરતી પશુપાલન (nomadic herding) ની સરખામણીમાં, વ્યાપારી પશુધન ઉછેર એ નીચેનામાંથી કઈ લાક્ષણિકતા ધરાવે છે?

Ans
✓ 1. વ્યવસ્થિત, વૈજ્ઞાનિક અને મૂડીલક્ષી (capital-intensive)
✗ 2. સ્થળાંતરિત, અનૌપચારિક અને વધુ જમીનનો ઉપયોગ કરતું
✗ 3. સ્થાનિક, બજાર-લક્ષી ન હોય તેવું અને ઓછી કિંમતનું
✗ 4. નિર્વાહલક્ષી, પરંપરાગત અને શ્રમલક્ષી (labour-intensive)

Q.47 નીચેનામાંથી કયું વાતાવરણીય સ્તર પૃથ્વીના હવામાન અને આબોહવાને નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે?

Ans
✗ 1. ઉષ્માવરણ (Thermosphere)
✗ 2. મધ્યાવરણ (Mesosphere)
✗ 3. સમતાપ આવરણ (Stratosphere)
✓ 4. ક્ષોભમંડળ (Troposphere)

Q.48 નાના ખેડૂતો માટે અપની મંડી (Apni Mandis) અને રાઇથુ બજારો (Rythu Bazars)નો મુખ્ય આર્થિક લાભ શું છે?

Ans
✗ 1. સંસ્થાકીય ધિરાણની વધુ સુલભતા
✗ 2. સંગ્રહ સુવિધાઓની વધુ ઉપલબ્ધતા
✓ 3. બજારના વચેટિયાઓ પરની નિર્ભરતા ઘટાડવી
✗ 4. ઇનપુટ સબસિડીઓ સુધી વધેલી પહોંચ

**Q.49** **જર્મની જેવા દેશો, જ્યાં રાષ્ટ્રીય ઓળખ ઐતિહાસિક રીતે વંશીયતા (ethnicity) સાથે જોડાયેલી હતી, તેનાથી વિપરીત ભારતનું બંધારણ નાગરિકતા પ્રત્યે કયો અભિગમ અપનાવે છે?**

**Ans**

✗ 1. તે નાગરિકતાને એક એકલ પ્રભાવશાળી વંશીય જૂથ (single dominant ethnic group) સુધી મર્યાદિત કરે છે.

✗ 2. તે નાગરિકતાના માપદંડ (citizenship criteria)ને સંપૂર્ણપણે અવ્યાખ્યાયિત રાખે છે.

✗ 3. તે વંશીય ઓળખ (ethnic identity)ને નાગરિકતા માટેનો માપદંડ બનાવે છે.

✓ 4. તે વંશીય ઓળખને નાગરિકત્વ માટેનો માપદંડ બનાવતું નથી.

**Q.50** **કઈ સંસ્થાએ રિસ્પોન્સિબલ નેશન્સ ઈન્ડેક્સ (Responsible Nations Index - RNI) 2026 પ્રકાશિત કર્યો?**

**Ans**

✓ 1. વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ ફાઉન્ડેશન (WIF)

✗ 2. ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD)

✗ 3. વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)

✗ 4. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP)

**Q.51** **સ્ટેનલેસ સ્ટીલ, જે તેના ક્ષારણ અવરોધ (corrosion resistance)ના કારણે સામાન્ય રીતે રસોડાના વાસણો માટે વપરાય છે, તે કઈ ધાતુઓની એક મિશ્રધાતુ છે?**

**Ans**

✗ 1. આયર્ન, તાંબું (કોપર) અને જસત (ઝિંક)

✗ 2. આયર્ન, કલાઈ (ટીન) અને સીસું

✓ 3. આયર્ન, ક્રોમિયમ અને નિકલ

✗ 4. લોખંડ (આયર્ન), એલ્યુમિનિયમ અને ચાંદી

**Q.52** **નીચેનામાંથી કઈ બાબત નહેરુ રિપોર્ટ (1928)ની એક મુખ્ય ભલામણ હતી?**

**Ans**

✗ 1. પૂર્ણ સ્વરાજ

✓ 2. ડોમિનિયન સ્ટેટસ

✗ 3. પ્રાંતીય ધારાસભાઓ નાબૂદ કરવી

✗ 4. તમામ સમુદાયો માટે અલગ મતદારમંડળ

**Q.53** **કયું સમૂહ (સેટ) માત્ર ભીમબેટકા (Bhimbetka)નાં ગુફાચિત્રો સાથે સંકળાયેલા વિષયો/ બાબતો ધરાવે છે?**

**Ans**

✗ 1. સ્વસ્તિક, કળશ અને ગણેશ (Swastik, pitcher and Ganesha)

✗ 2. તોરણ, ઘડા અને સજાવેલા નાળિયેર (Torans, pots and decorative coconuts)

✓ 3. હાથી, ગેંડો અને હરણ (Elephant, rhinoceros and deer)

✗ 4. વીંટી, બંગડીઓ અને કાનની બુટ્ટી (Rings, bangles and earrings)

**Q.54** **પંચાયતી રાજ મંત્રાલયની કઈ પહેલને 'ડિજિટલ પ્લેટફોર્મ્સમાં ડેટા એનાલિટિક્સના ઉપયોગ દ્વારા ડિજિટલ ટ્રાન્સફોર્મેશન' શ્રેણી હેઠળ 'નેશનલ અવોર્ડ્સ ફોર ઈ-ગવર્નન્સ (NAeG) 2026' માં ગોલ્ડ અવોર્ડ પ્રાપ્ત થયો છે?**

**Ans**

✗ 1. ઇ-ગ્રામસ્વરાજ પોર્ટલ (e-GramSwaraj Portal)

✗ 2. ઓડિટઓનલાઇન પ્લેટફોર્મ (AuditOnline Platform)

✗ 3. સ્વામિત્વ યોજના (SVAMITVA Scheme)

✓ 4. પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ (Panchayat Advancement Index)

**Q.55** **2026 માં, બાયોટેકનોલોજી વિભાગે વિશિષ્ટ "બાયોફાઉન્ડ્રીઝ (Biofoundries)" સ્થાપવા પર પોતાનું ધ્યાન એડ્વાન્સ (કેન્દ્રિત) કર્યું. તો બાયોફાઉન્ડ્રી (Biofoundry) નો મુખ્ય હેતુ શું છે?**

**Ans**

✗ 1. બાયોરિએક્ટર ટેન્ક્સ માટે ભારે મેટાલર્જીકલ એલોય (heavy metallurgical alloys) નું ઘડતર (forging) કરવું

✗ 2. લુપ્તપ્રાય વન્યજીવોના પેશીના નમૂનાઓનો ક્રાયોજેનિક પદ્ધતિથી (cryogenically) સંગ્રહ કરવો

✓ 3. બાયોલોજિકલ સિસ્ટમ્સના એન્જીનિયરીંગ માટે ડિઝાઇન–બિલ્ડ–ટેસ્ટ–લર્ન (Design–Build–Test–Learn) સાઇકલને ઓટોમેટ કરવું

✗ 4. કૃષિ અપશિષ્ટને બાળીને ઔદ્યોગિક વીજળી (industrial electricity) જનરેટ કરવી

**Q.56** **નીચેનામાંથી કયું વિધાન 1857 ના વિપ્લવ દરમિયાન ખેડૂતોની ભૂમિકાનું સાચું વર્ણન કરે છે?**

**Ans**
✗ 1. તેમણે પોતાના જમીન માલિકીના હકો બચાવવા માટે બ્રિટિશ સત્તાવાળાઓને ટેકો આપ્યો.
✗ 2. તેઓ તટસ્થ રહ્યા અને વિદ્રોહમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો.
✗ 3. તેમણે પોતાની પ્રવૃત્તિઓ માત્ર સ્થાનિક પાક અને પશુધનની સુરક્ષા પૂરતી જ મર્યાદિત રાખી.
✓ 4. તેમણે સાહુકારો પર હુમલા કર્યા, મહેસૂલી દસ્તાવેજોનો નાશ કર્યો અને બ્રિટિશ કચેરીઓને લૂંટી લીધી.

**Q.57** **માર્ચ 2026 માં ઉજવવામાં આવેલા 'રાષ્ટ્રીય રસીકરણ દિવસ' (National Vaccination Day)ની મુખ્ય થીમ શું હતી?**

**Ans**
✗ 1. હેલ્ધી ઇન્ડિયા થ્રુ ઇમ્યુનાઇઝેશન (Healthy India Through Immunization)
✓ 2.
ઇમ્યુનાઇઝેશન ફોર ઓલ ઇઝ હ્યુમનલી પોસિબલ (Immunization for All is Humanly Possible)
✗ 3.
વેક્સિન્સ ફોર એવરી જનરેશન (Vaccines for Every Generation)
✗ 4.
યુનિવર્સલ વેક્સિનેશન, સ્ટ્રોન્ગર નેશન (Universal Vaccination, Stronger Nation)

**Q.58** **ભારતમાં પ્રકીર્ણ વસાહત (semi-clustered settlement)માં, કેટલાક જૂથો નીચેનામાંથી કયા પરિબળોને કારણે મુખ્ય ગામથી દૂર રહે છે?**

**Ans**
✗ 1. આબોહવા અને હવામાન
✓ 2.
સામાજિક અલગતા
✗ 3. ઔદ્યોગિક વિકાસ
✗ 4. પ્રવાસન પ્રવૃત્તિઓ

**Q.59** **ઋગ્વેદમાં વૈદિક લોકોના સામાજિક અને ધાર્મિક જીવન સાથે સંકળાયેલી કઈ સાંસ્કૃતિક પરંપરાનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે?**

**Ans**
✗ 1. જાહેર પૂજા અર્પણો માટે પથ્થરની વેદીઓનું નિર્માણ કરવું.
✗ 2. સામાજિક મેળાવડા માટે મોટા મેળાઓનું આયોજન કરવું.
✗ 3. ખાસ બાંધેલા મંદિરોમાં મૂર્તિઓની પૂજા કરવી.
✓ 4. ધાર્મિક પીણા તરીકે સોમરસનું સેવન કરવું.

**Q.60** **પ્રાચીન ભારતીય મંદિર સ્થાપત્યના વિકાસમાં બૃહદેશ્વર મંદિરના મહત્ત્વને કયું સંયોજન શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?**

**Ans**
✗ 1. પલ્લવ આશ્રય, તંજાવુર સ્થળ અને મંદિરની અસાધારણ ઊંચાઈ
✓ 2.
ચોલ આશ્રય, ભવ્ય ઊંચાઈ અને અસાધારણ સ્થાપત્યકીય લાક્ષણિકતાઓ (extraordinary architectural character)
✗ 3.
ચોલ આશ્રય, કાંચી સ્થળ અને શિખર-આધારિત મંદિર શૈલી (pinnacle-based temple design)
✗ 4.
પલ્લવ આશ્રય, સપાટ સંરચના અને પ્રદક્ષિણા પથ ધરાવતી મંદિર શૈલી

Section : **Quantitative Aptitude**

**Q.61** **મીરા અનુક્રમે ₹200 અને ₹300 માં બે કેલ્ક્યુલેટર ખરીદે છે. તે પ્રથમ કેલ્ક્યુલેટર 20% નફાથી અને બીજું કેલ્ક્યુલેટર 10% ખોટથી વેચે છે. તો આ વ્યવહારમાં તેનો કુલ નફો અથવા ખોટ કેટલી હશે?**

**Ans**
✗ 1. ₹40 ખોટ
✗ 2.
₹30 નફો
✗ 3.
નફો પણ નહીં, ખોટ પણ નહીં
✓ 4. ₹10 નફો

Q.62 હેરોનના સૂત્રનો ઉપયોગ કરીને, 18 cm, 20.5 cm અને 23.5 cm બાજુઓ ધરાવતા ત્રિકોણનું ક્ષેત્રફળ શોધો. (સૌથી નજીકના પૂર્ણાંક મૂલ્ય સુધી આવરી લો).

Ans
✗ 1. 174 ચોરસ સેન્ટીમીટર
✓ 2. 178 ચોરસ સેન્ટીમીટર
✗ 3. 176 ચોરસ સેન્ટીમીટર
✗ 4. 172 ચોરસ સેન્ટીમીટર

Q.63 એક દોડવીર 400 મીટરના ટ્રેકના 3 લેપ્સ (laps) 6 મિનિટમાં પૂરા કરે છે. તો દોડવીરની સરેરાશ ઝડપ કેટલી થાય?

Ans
✗ 1. 24 km/h
✓ 2. 12 km/h
✗ 3. 2 km/h
✗ 4. 6 km/h

Q.64 એક સંખ્યાને 7 વડે ગુણતાં પરિણામ 455 મળે છે. નીચેનામાંથી કઈ સંખ્યા મૂળ સંખ્યાનો અવિભાજ્ય અવયવ (prime factor) હોવી જ જોઈએ?

Ans
✗ 1. 17
✗ 2. 29
✗ 3. 7
✓ 4. 13

Q.65 બે પાઇપ એક ટાંકીને અનુક્રમે 24 મિનિટ અને 36 મિનિટમાં ભરી શકે છે. જો બંને પાઇપ એકસાથે ખોલવામાં આવે, તો પ્રથમ પાઇપને કેટલા સમય (મિનિટમાં) પછી બંધ કરવો જોઈએ જેથી આખી ટાંકી બરાબર 18 મિનિટમાં ભરાઈ જાય?

Ans
✓ 1. 12
✗ 2. 9
✗ 3. 6
✗ 4. 15

Q.66 પાઇપ A એક ટાંકીને 8 કલાકમાં ભરે છે. 2 કલાક પછી, પાઇપ B ખોલવામાં આવે છે અને બંને સાથે મળીને બાકીની ટાંકીને 3 કલાકમાં ભરે છે. તો પાઇપ B એકલો તે ટાંકી ભરવામાં કેટલો સમય લેશે?

Ans
✗ 1. 6 કલાક
✗ 2. 10 કલાક
✗ 3. 12 કલાક
✓ 4. 8 કલાક

Q.67 એક વર્ટીકલ ટાવરનો પડછાયો ત્યારે 40 મીટર વધુ લાંબો બને છે જ્યારે સૂર્યનો એલ્ટિટ્યુડ 60° ના બદલે 30° હોય છે. તો આ ટાવરની ઊંચાઈ શોધો.

Ans
✗ 1. $20 \text{ m}$
✗ 2. $40 \text{ m}$
✓ 3. $20\sqrt{3} \text{ m}$
✗ 4. $40\sqrt{3} \text{ m}$

Q.68 એક વિદ્યાર્થી 4 km/h ની ઝડપે ચાલીને શાળાએ જાય છે અને 12 km/h ની ઝડપે સાઇકલ દ્વારા ઘરે પાછો ફરે છે. જો ઘર અને શાળા વચ્ચેનું કુલ અંતર 9 km હોય, તો સમગ્ર મુસાફરીની સરેરાશ ઝડપ કેટલી હશે?

Ans
✓ 1. 6 km/h
✗ 2. 7 km/h
✗ 3. 9 km/h
✗ 4. 8 km/h

Q.69 ₹2,000 ની રકમ પર વાર્ષિક 5% ના વ્યાજ દરે 3 વર્ષનું સાદું વ્યાજ કેટલું થાય?

Ans
✔ 1. ₹300
✘ 2. ₹600
✘ 3. ₹150
✘ 4. ₹250

Q.70 એક ફળવિક્રેતા ₹150માં નારંગીઓ ખરીદે છે અને તેમને 12%ની ખોટમાં વેચે છે. તો તેની ખોટની રકમ કેટલી છે?

Ans
✘ 1. ₹12
✘ 2. ₹25
✔ 3. ₹18
✘ 4. ₹15

Q.71 બે સહ-અવિભાજ્ય સંખ્યાઓનો ગુણાકાર 323 છે. તો તે સંખ્યાઓ કઈ હશે?

Ans
✘ 1. 17 અને 18
✔ 2. 17 અને 19
✘ 3. 15 અને 21
✘ 4. 16 અને 20

Q.72 એક આઇસક્રીમ કોનની ત્રિજ્યા 7 cm અને ઊંચાઈ 12 cm છે. તો આ કોનનું ઘનફળ (volume) ઘન સેન્ટિમીટરમાં શોધો. ($\pi = \frac{22}{7}$ લો.)

Ans
✘ 1. 672
✘ 2. 1848
✘ 3. 308
✔ 4. 616

Q.73 એક ડેટાસેટનો મધ્યક 20 છે અને બહુલક 14 છે. આસાદિત સંબંધ (empirical relation) મુજબ તેનો મધ્યસ્થ કેટલો થાય?

Ans
✘ 1. 22
✘ 2. 16
✔ 3. 18
✘ 4. 20

Q.74 જો 13sin A = 5 હોય અને A એ લઘુકોણ (acute angle) હોય, તો 12tan A નું મૂલ્ય કેટલું થશે?

Ans
✘ 1. 15
✘ 2. 12
✘ 3. 6
✔ 4. 5

Q.75 એક વિદ્યાર્થી એક ફિક્સ્ડ ડિપોઝિટ યોજનામાં ₹20,000 જમા કરે છે, જે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામતા વાર્ષિક 10% નો ચક્રવૃદ્ધિ વ્યાજ દર ઓફર કરે છે. તો 2 વર્ષના અંતે વિદ્યાર્થી દ્વારા મેળવેલો કુલ ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલો હશે?

Ans
✔ 1. ₹4,200
✘ 2. ₹4,000
✘ 3. ₹3,800
✘ 4. ₹2,000

Q.76 ઋણ પૂર્ણાંક (k)ના કયા મૂલ્ય માટે દ્વિઘાત સમીકરણ $3x^2 + kx + 12 = 0$ નાં બીજ વાસ્તવિક અને સમાન થાય?

Ans
✔ 1. –12
✘ 2. –9
✘ 3. -14
✘ 4. –8

Q.77 9, 15 અને 18 નું ચોથું પ્રમાણપદ શોધો.

Ans
✘ 1. 20
✘ 2. 15
✔ 3. 30
✘ 4. 12

Q.78 કાર્તેઝિય યામ પદ્ધતિ (Cartesian coordinate system) માં નીચેનામાંથી કયું બિંદુ x-અક્ષ પર આવેલું છે?

Ans
✔ 1. (5, 0)
✘ 2. (0, 4)
✘ 3. (3, 2)
✘ 4. (0, –3)

Q.79 દ્વિઘાત સમીકરણ $3x^2 + 4x + 5 = 0$ ના વિવેચકના આધારે તેના બીજનું સ્વરૂપ નક્કી કરો.

Ans
✘ 1. એક બીજ વાસ્તવિક અને બીજું વાસ્તવિક ન હોય
✔ 2. કોઈ વાસ્તવિક બીજ નથી
✘ 3. વાસ્તવિક અને ભિન્ન બીજ
✘ 4. વાસ્તવિક અને સમાન બીજ

Q.80 એક પાત્રમાં જ્યુસ અને પાણી 9:5 ના ગુણોત્તરમાં છે. જો મિશ્રણમાં 24 લિટર પાણી ઉમેરવામાં આવે, તો જ્યુસ અને પાણીનો ગુણોત્તર 9:8 થાય છે. તો પાત્રમાં પાણીની મૂળ માત્રા (original quantity) કેટલી હતી?

Ans
✘ 1. 50 લિટર
✘ 2. 35 લિટર
✔ 3. 40 લિટર
✘ 4. 45 લિટર

Q.81 નીચે આપેલા ડેટાનો બહુલક શોધો.

3, 5, 7, 5, 9, 5, 11.

Ans
✘ 1. 3
✘ 2. 9
✔ 3. 5
✘ 4. 7

Q.82 કયા વ્યવહારથી વધુ લાભ થાય છે: (A) 12 નોટબુક માટે ચૂકવણી કરીને 13 નોટબુક મેળવવી, અથવા (B) 20 નોટબુક માટે ચૂકવણી કરીને 21 નોટબુક મેળવવી?

Ans
✘ 1. વ્યવહાર B
✘ 2. બંનેમાંથી કોઈપણ લાભકારક નથી.
✔ 3. વ્યવહાર A
✘ 4. બંને સમાન લાભમાં પરિણમે છે.

**Q.83** એક રકમ પર વાર્ષિક 10% ના વ્યાજ દરે 2 વર્ષ માટે ચક્રવૃદ્ધિ વ્યાજ (જે વાર્ષિક રીતે ચક્રવૃદ્ધિ પામે છે) અને સાદા વ્યાજ વચ્ચેનો તફાવત ₹36 છે. તો મુદ્દલ રકમ (principal sum) કેટલી હશે?

**Ans**
✗ 1. ₹3,000
✗ 2. ₹4,000
✗ 3. ₹4,600
✓ 4. ₹3,600

**Q.84** એક રેસિપીમાં 10 કૂકીઝ બનાવવા માટે 5 કપ લોટની જરૂર પડે છે. એ જ રેસિપીનો ઉપયોગ કરીને, 25 કૂકીઝ બનાવવા માટે કેટલા કપ લોટની જરૂર પડે છે?

**Ans**
✗ 1. 15 કપ
✓ 2. 12.5 કપ
✗ 3. 7.5 કપ
✗ 4. 10 કપ

**Q.85** એક ઊંધા શંકુ આકારના પાણીના પાત્રની ત્રિજ્યા 3 m અને ઊંચાઈ 8 m છે અને તે સંપૂર્ણપણે પાણીથી ભરેલું છે. તેમાં ચાર એકસમાન નક્કર ગોળાઓ ડૂબાડવામાં આવે છે, જેને કારણે એક-ચતુર્થાંસ ભાગનું પાણી બહાર વહી જાય છે. તો દરેક ગોળાનું ઘનફળ કેટલું હશે?

**Ans**
✗ 1. $4.3\pi\ m^3$
✓ 2. $1.5\pi\ m^3$
✗ 3. $8\pi\ m^3$
✗ 4. $2.5\pi\ m^3$

**Q.86** એક ટાંકીની ક્ષમતા 100 લિટર છે. જો એક પાઇપ 2 કલાકમાં 20 લિટર પાણી ભરી શકે છે, તો ટાંકી ભરવા માટે કેટલા કલાક લાગેશે?

**Ans**
✓ 1. 10 કલાક
✗ 2. 15 કલાક
✗ 3. 12 કલાક
✗ 4. 8 કલાક

**Q.87** એક કાર 40 km/h ની ઝડપે 2 કલાક અને પછી 60 km/h ની ઝડપે 1 કલાક મુસાફરી કરે છે, તો તેના દ્વારા કાપવામાં આવેલું કુલ અંતર કેટલું હશે?

**Ans**
✗ 1. 100 km
✗ 2. 180 km
✗ 3. 120 km
✓ 4. 140 km

**Q.88** એક કામ કરતો વ્યાવસાયિક (working professional) તેની માસિક આવકનો બરાબર 60% હિસ્સો સંયુક્ત રીતે ઘરગથ્થુ ખર્ચ અને બચત માટે ખર્ચ કરે છે, જ્યારે કે બાકીનો હિસ્સો વ્યક્તિગત મનોરંજન માટે ખર્ચ કરવામાં આવે છે. આગામી વર્ષ (next year)માં, તેની માસિક આવકમાં 25% નો વધારો થાય છે અને વ્યક્તિગત મનોરંજન પરનો તેનો ખર્ચ 10% વધે છે. તેના ઘરગથ્થુ ખર્ચ અને બચતને મળીને થતા કુલ ખર્ચમાં કેટલા ટકાનો વધારો થયો છે?

**Ans**
✗ 1. 30%
✓ 2. 35%
✗ 3. 20%
✗ 4. 25%

**Q.89** માતાની હાલની ઉંમર તેની પુત્રીની હાલની ઉંમર કરતાં ત્રણ ગણી છે. આજથી છ વર્ષ પછી, માતાની ઉંમર તેની પુત્રીની ઉંમર કરતાં બમણી થશે. પુત્રીની હાલની ઉંમર શોધો.

**Ans**
✗ 1. 10 વર્ષ
✓ 2. 6 વર્ષ
✗ 3. 12 વર્ષ
✗ 4. 8 વર્ષ

Q.90 એક નગરની વસ્તી એક વર્ષમાં 20,000થી વધીને 24,000 થાય છે. તો વસ્તીમાં કેટલા ટકા વધારો થયો તે શોધો.

Ans
1. 25%
2. 18%
3. 20%
4. 15%

Section : **Reasoning**

Q.91 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ, ત્રણ-અંકની સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 536 845 361 524 693 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)

જો દરેક સંખ્યાના પ્રથમ અંકમાં 1 ઉમેરવામાં આવે, તો એવી કેટલી સંખ્યાઓમાં નવો પ્રથમ અંક એ બીજા અંક વડે નિઃશેષ વિભાજ્ય બને છે?

Ans
1. એક
2. ત્રણ
3. એકપણ નહીં
4. બે

Q.92 એક ચોક્કસ તર્કને અનુસરીને 116 એ 61 સાથે સંબંધિત છે. આ જ તર્કને અનુસરીને, 100 એ 45 સાથે સંબંધિત છે. તો સમાન તર્ક મુજબ, 92 નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે?
(નોંધ: તમામ ગાણિતિક ક્રિયાઓ આખી સંખ્યા પર જ કરવાની રહેશે, સંખ્યાઓને તેના અલગ-અલગ અંકોમાં અલગ કરીને નહીં. દા.ત. 13 પર ગાણિતિક ક્રિયાઓ જેવી કે સરવાળો/બાદબાકી/ગુણાકાર વગેરે કરી શકાય છે. પરંતુ 13 ને 1 અને 3 માં અલગ કરીને તેના પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી)

Ans
1. 37
2. 42
3. 32
4. 47

Q.93 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) C W X L P N R M Y R U I K W L Z D I Q H C B H I K T D I J T T H G (જમણી બાજુ)

એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલાં એક વ્યંજન આવે છે અને તરત જ પછી એક સ્વર પણ આવે છે?

Ans
1. ત્રણ
2. બે
3. ચાર
4. એક

Q.94 ટાઉન W એ ટાઉન X ની દક્ષિણ દિશામાં છે. ટાઉન Y એ ટાઉન X ની પૂર્વ દિશામાં છે. ટાઉન V એ ટાઉન Y ની પશ્ચિમ દિશામાં છે. ટાઉન U એ ટાઉન V ની ઉત્તર દિશામાં છે. ટાઉન W એ ટાઉન U ની દક્ષિણ-પૂર્વ દિશામાં છે. ટાઉન V ની સાપેક્ષમાં ટાઉન X નું સ્થાન કઈ દિશામાં છે?

Ans
1. ઉત્તર
2. પશ્ચિમ
3. દક્ષિણ
4. પૂર્વ

**Q.95** **નીચેના શબ્દોની ગોઠવણી તાર્કિક અને અર્થપૂર્ણ ક્રમમાં દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.**
**1. વર્ષ**
**2. દિવસ**
**3. કલાક**
**4. સેકન્ડ**
**5. મિનિટ**

**Ans**
✗ 1. 1, 2, 4, 5, 3
✓ 2. 4, 5, 3, 2, 1
✗ 3. 4, 3, 1, 5, 2
✗ 4. 3, 1, 2, 4, 5

**Q.96** **અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવવું જોઈએ?**

**VNS RJO NFK JBG FXC ?**

**Ans**
✗ 1. BSY
✗ 2. BTZ
✓ 3. BTY
✗ 4. CTY

**Q.97** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંક ધરાવતા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.**

**પ્રશ્ન:**
**બિંદુ Y ની સાપેક્ષે બિંદુ X કઈ દિશામાં છે?**

**વિધાન I: બિંદુ X અને બિંદુ Y વચ્ચેનું સૌથી ટૂંકું અંતર 20 મીટર છે.**
**વિધાન II: એક વ્યક્તિ બિંદુ Y થી દક્ષિણ દિશામાં 10 મીટર ચાલીને બિંદુ Z પર પહોંચે છે, ત્યારબાદ તે ત્યાંથી સીધો પશ્ચિમ દિશામાં ચાલીને બિંદુ X પર પહોંચે છે.**

**Ans**
✗ 1. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 2. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✓ 3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✗ 4. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.98** **નીચે આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશના ક્રમમાં ગોઠવાતા કયો સાચો વિકલ્પ બને છે તે પસંદ કરો.**

**1. Moon**
**2. Earth**
**3. Venus**
**4. Sun**

**Ans**
✓ 1. 2, 1, 4, 3
✗ 2. 2, 4, 1, 3
✗ 3. 1, 2, 4, 3
✗ 4. 3, 1, 2, 4

**Q.99** **TEACHER શબ્દમાં ડાબેથી જમણે ગણતા પ્રથમ, ત્રીજા, છઠ્ઠા અને સાતમા અક્ષરોનો ઉપયોગ કરીને, ચાર અક્ષરના કેટલા અર્થપૂર્ણ અંગ્રેજી શબ્દો બનાવી શકાય, જેમાં બધા અક્ષરનો ઉપયોગ કરવાનો છે અને દરેક અક્ષરને માત્ર એક જ વખત વાપરવાનો છે?**

**Ans**
✗ 1. એક
✓ 2. બે કરતાં વધુ
✗ 3. બે
✗ 4. એક પણ નહીં

Q.100 આ પ્રશ્નમાં, નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ) નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ) નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/પ્રતીક &3794$ 8+#?25 ! @

કૂટ (કોડ) Y P A T E N G S J Z L W X R

શરતો–

(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક એક સંખ્યા હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો) નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.

(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.

(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.

@ 4 & $ 8

Ans
1. GAYNR ✗
2. GEYNP ✗
3. TEYNR ✗
4. GEYNR ✓

Q.101 એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન: શું વર્ષ “Z” માં ફેબ્રુઆરી મહિનો બરાબર 29 દિવસનો છે?

વિધાન I: વર્ષ “Z” એ 4 વડે પૂર્ણપણે વિભાજ્ય છે.
વિધાન II: વર્ષ “Z” એ 100 વડે પૂર્ણપણે વિભાજ્ય છે પરંતુ 400 વડે નથી.

Ans
1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✗
2. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે. ✗
3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✗
4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી. ✓

Q.102 એક સચોટ ઘડિયાળ 4:18 am નો સમય બતાવે છે. તે જ દિવસે જ્યારે ઘડિયાળ 11:06 am નો સમય બતાવે છે ત્યારે કલાકનો કાંટો કેટલા ડિગ્રી ફરશે?

Ans
1. 204° ✓
2. 198° ✗
3. 186° ✗
4. 192° ✗

Q.103 A, B, C, D, P, Q અને R એક વર્તુળાકાર મેજના કેન્દ્ર તરફ મુખ કરીને તેની ફરતે બેસે છે. A એ R ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. A અને C ની વચ્ચે ફક્ત બે લોકો બેસે છે. D એ Q ની તરત ડાબી બાજુએ બેસે છે. Q એ R ની તરત બાજુમાં બેસતો નથી. B એ A ની તરત બાજુમાં બેસતો નથી. P ની ડાબી બાજુએ ગણતરી કરવામાં આવે, ત્યારે P અને Q ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

Ans
1. એક ✓
2. એકપણ નહીં ✗
3. બે ✗
4. ચાર ✗

**Q.104** એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ થાય છે, 'A એ B ની પત્ની છે'
A – B નો અર્થ થાય છે, 'A એ B ની બહેન છે'
A x B નો અર્થ થાય છે, 'A એ B ની માતા છે'
A ÷ B નો અર્થ થાય છે, 'A એ B નો ભાઈ છે'

ઉપર આપેલી માહિતીના આધારે, જો 'P x Q ÷ R – S + T' હોય, તો P એ T સાથે કેવી રીતે સંબંધિત છે?

**Ans**
- ✗ 1. પિતાની માતા (દાદી)
- ✗ 2. બહેન
- ✗ 3. માતાની માતા (નાની)
- ✓ 4. પત્નીની માતા (સાસુ)

**Q.105** નીચેની અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
(ડાબી બાજુ) I E I L Y A G V Z G E W O P X Z E M L K D F N X G P (જમણી બાજુ)
એવા કેટલા વ્યંજનો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી વ્યંજન પણ આવે છે?

**Ans**
- ✗ 1. બે
- ✗ 2. એક
- ✓ 3. ચાર
- ✗ 4. ત્રણ

**Q.106** એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્ર: P એ R સાથે કેવી રીતે સંબંધિત છે?

વિધાન I: R એ S ની માતા છે. P એ S નો એકમાત્ર ભાઈ છે.
વિધાન II: S એ P ની બહેન છે. P એ R નું સૌથી મોટું સંતાન છે.

**Ans**
- ✗ 1. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ 2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી
- ✗ 3. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ 4. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી

**Q.107** એક ચોક્કસ કૂટ ભાષામાં, 'CHAM' ને '5261' તરીકે અને 'MARC' ને '2576' તરીકે કૂટબદ્ધ કરવામાં આવે છે. તે ભાષામાં 'R' માટેનો કૂટ (કોડ) શું છે?

**Ans**
- ✓ 1. 7
- ✗ 2. 5
- ✗ 3. 6
- ✗ 4. 2

**Q.108** સાત બોક્સ, L, O, R, U, X, Y અને Z, એકબીજાની ઉપર રાખવામાં આવ્યા છે, પરંતુ જરૂરી નથી કે તે આ જ ક્રમમાં હોય. Zની ઉપર માત્ર Xને જ રાખવામાં આવ્યું છે. Z અને Lની વચ્ચે માત્ર Yને જ રાખવામાં આવ્યું છે. Uની નીચે માત્ર Oને જ રાખવામાં આવ્યું છે. R અને Zની વચ્ચે કેટલા બોક્સ રાખવામાં આવ્યા છે?

**Ans**
- ✗ 1. ચાર
- ✗ 2. એક
- ✓ 3. બે
- ✗ 4. ત્રણ

Q.109 નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?)નાં સ્થાને શું આવવું જોઈએ?

135 123 112 102 93 ?

Ans
1. 85
2. 82
3. 88
4. 84

Q.110 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંક ધરાવતા બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્ર. R એ S સાથે કઈ રીતે સંબંધિત છે?

વિધાન I: S એ T ની બહેન છે. R એ T અને U નો એકમાત્ર પુત્ર છે.
વિધાન II: R એ T નું સૌથી નાનું સંતાન છે. T એ S નો ભાઈ છે.

Ans
1. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
2. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
3. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.111 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપેલા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે કે નહિ. બંને વિધાનો વાંચો અને યોગ્ય જવાબ નક્કી કરો.

પ્રશ્ન. ચાર લોકો, P, Q, R અને S, ચાર ફ્લોરની ઇમારતના જુદા જુદા ફ્લોર પર રહે છે. ગ્રાઉન્ડ ફ્લોરને 1 નંબર આપવામાં આવ્યો છે અને સૌથી ઉપરના ફ્લોરને 4 નંબર આપવામાં આવ્યો છે. ફ્લોર 4 પર કોણ રહે છે?

વિધાન I: S એ ફ્લોર 3 પર રહે છે, અને R એ Sની તરત ઉપર રહે છે.
વિધાન II: Q એ Pની તરત નીચે રહે છે, અને R એ Qની ઉપર રહે છે.

Ans
1. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
2. વિધાન I માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન II માં આપેલી માહિતી પૂરતી નથી.
3. વિધાન II માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન I માં આપેલી માહિતી પૂરતી નથી.
4. વિધાનો I અને II બંનેની માહિતી એકસાથે મળીને પણ પ્રશ્નનો ઉત્તર આપવા માટે પૂરતી નથી.

Q.112 નીચે આપેલી બે ત્રિપુટી જે પેટર્નને અનુસરે છે, તે જ પેટર્નને અનુસરતી ત્રિપુટી વિકલ્પોમાંથી પસંદ કરો. બંને ત્રિપુટીઓ સમાન પેટર્નને અનુસરે છે.

IU – KW – MY
VQ – XS – ZU

Ans
1. ZA – XY – VW
2. ZU – XS – VQ
3. LV – JT – HR
4. CW – EY – GA

Q.113 નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.
(ડાબી બાજુ) X E A H F P U R A I P R U D Q Y U X J R K O E I J C (જમણી બાજુ)
એવા કેટલા સ્વરો છે, જે દરેકની તરત જ પહેલા એક વ્યંજન આવે છે અને તરત જ પછી એક સ્વર પણ આવે છે?

Ans
1. ત્રણ
2. પાંચ
3. બે
4. ચાર

Q.114 નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે નીચેના વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?)ના સ્થાને આવશે?
WKS 19, AOW 23, ESA 27, IWE 31, ?

Ans
✗ 1. MAJ 35
✓ 2. MAI 35
✗ 3. MBI 36
✗ 4. LAJ 36

Q.115 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલી ચાર અક્ષર-સમૂહ જોડીઓમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કઈ અક્ષર-સમૂહ જોડી તે જૂથ સાથે સંબંધિત નથી?

(નોંધ: અલગ પડતી અક્ષર-સમૂહ જોડી વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✗ 1. LK-QF
✗ 2. OK-TF
✓ 3. YW-FQ
✗ 4. NO-SJ

Q.116 SPLURGE શબ્દના દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો આ રીતે બનેલા નવા અક્ષરોના સમૂહમાં, ડાબી બાજુથી ચોથા અક્ષર અને જમણી બાજુથી બીજા અક્ષરની વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ પ્રમાણે કેટલા અક્ષરો આવે છે?

Ans
✓ 1. બે
✗ 2. એકપણ નહીં
✗ 3. એક
✗ 4. ત્રણ

Q.117 ઉત્તર દિશા તરફ મુખ રાખેલા વિદ્યાર્થીઓની હારોળમાં, અરવિંદનું સ્થાન ડાબા છેડેથી 16મું અને કવિતાનું સ્થાન જમણા છેડેથી 14મું છે. તેઓએ પરસ્પર પોતાના સ્થાનની અદલાબદલી કર્યા પછી, અરવિંદનું નવું સ્થાન ડાબા છેડેથી 22મું થાય છે. તો તે હારોળમાં રહેલા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા શોધો.

Ans
✗ 1. 32
✗ 2. 33
✓ 3. 35
✗ 4. 34

Q.118 જો 1 ફેબ્રુઆરી 2005 ના રોજ મંગળવાર હતો, તો 1 ફેબ્રુઆરી 2016 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
✗ 1. રવિવાર
✗ 2. શનિવાર
✗ 3. શુક્રવાર
✓ 4. સોમવાર

Q.119 નીચેનામાંથી એ વિકલ્પ પસંદ કરો જેમાં આપેલ નામ અને સરનામાની તમામ વિગતો સાચી રીતે દર્શાવવામાં આવી હોય.
Dr. Christopher J. Worthington, Suite 4, Level 12, Macquarie Tower, 1 Farrer Place, Sydney, New South Wales, Australia – 2000

Ans
✗ 1. Dr. Christopher J. Worthington, Suite 4, Level 12, Macquarie Tower, 1 Farrer Place, Sydeny, New South Wales, Australia – 2000
✗ 2. Dr. Christopher J. Worthington, Suite 4, Level 12, Macquarie Tower, 1 Farrer Place, Sydney, New South Wales, Austrailia – 2000
✓ 3. Dr. Christopher J. Worthington, Suite 4, Level 12, Macquarie Tower, 1 Farrer Place, Sydney, New South Wales, Australia – 2000
✗ 4. Dr. Christopher J. Worthington, Suite 4, Level 12, Macquaire Tower, 1 Farrer Place, Sydney, New South Wales, Australia – 2000

Q.120 શ્રીમાન બેઇક પોઈન્ટ A થી શરૂઆત કરે છે અને દક્ષિણ તરફ 12 km વાહન ચલાવે છે. પછી તે ડાબો વળાંક લે છે, 21 km વાહન ચલાવે છે, પછી ડાબે વળે છે અને 21 km વાહન ચલાવે છે. પછી તે ડાબો વળાંક લે છે અને 29 km વાહન ચલાવે છે. તે છેલ્લો ડાબો વળાંક લે છે, 9 km વાહન ચલાવે છે અને પોઈન્ટ P પર અટકે છે. પોઈન્ટ A સુધી ફરીથી પહોંચવા માટે તેણે કેટલું અંતર (સૌથી ઓછું અંતર) અને કઈ દિશામાં વાહન ચલાવવું જોઈએ? (બધા વળાંક ફક્ત 90 ડિગ્રી વળાંક છે, સિવાય કે ઉલ્લેખિત હોય.)

Ans
1. 6 km પશ્ચિમમાં
2. 6 km પૂર્વમાં
3. 8 km પશ્ચિમમાં
4. 8 km પૂર્વમાં

Q.121 નીચે આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશના ક્રમમાં ગોઠવાતા કયો સાચો વિકલ્પ બને છે તે પસંદ કરો.

1. King
2. Queen
3. Jack
4. Ace

Ans
1. 3, 4, 1, 2
2. 4, 1, 3, 2
3. 4, 3, 1, 2
4. 1, 3, 4, 2

Q.122 નીચે બે સંખ્યા સેટ આપેલા છે, દરેક સેટમાં, પ્રથમ સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ (Operations) કરીને બીજી સંખ્યા મેળવવામાં આવે છે. એજ રીતે બીજી સંખ્યા પર અમુક ગાણિતિક ક્રિયાઓ કરીને ત્રીજી સંખ્યા મેળવવામાં આવે છે અને આગળ પણ આ જ પ્રમાણે આ ક્રિયાનું અનુસરણ કરાય છે. કયો વિકલ્પ એ સમાન ક્રિયાઓને અનુસરે છે જે પ્રશ્નમાં આપેલ સેટ દ્વારા અનુસરવામાં આવી છે?

(નોંધ - બે/ ત્રણ અંકોની સંખ્યાને ક્રિયાઓ (ઓપરેશન્સ) માટે વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી, ઉદાહરણ તરીકે, જો 37 પછી 10 આવે, તો ઓપરેશન 3 + 7 ન હોઈ શકે કારણ કે બે અંકની સંખ્યાને વ્યક્તિગત અંકોમાં જુદી પાડી શકાતી નથી.)

36 – 18 – 14 – 7 ; 40 – 20 – 16 – 8

Ans
1. 50 – 28 – 22 – 11
2. 32 – 16 – 12 – 6
3. 28 – 14 – 8 – 4
4. 44 – 22 – 18 – 8

Q.123 નીચે આપેલી સંખ્યા અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.

(ડાબી બાજુ) 4 @ 3 $ 7 & 6 # ^ 2 * 5 % 1 £ 8 (જમણી બાજુ)

એવા કેટલા પ્રતીકો છે, જે દરેકની તરત પહેલાં એક પ્રતીક આવે છે અને તરત પછી એક સંખ્યા પણ આવે છે?

Ans
1. બે કરતાં વધુ
2. બે
3. એક
4. એકપણ નહીં

Q.124 ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠેલી 58 વ્યક્તિઓની એક હરોળમાં, કાવ્યા જમણા છેડેથી 16મા સ્થાને છે. નિશા એ કાવ્યાની ડાબી બાજુએ બારમા સ્થાને બેસે છે. નિશા હરોળના ડાબા છેડેથી ____ સ્થાને બેસે છે.

Ans
1. 32મા
2. 33મા
3. 30મા
4. 31મા

**Q.125** નીચે આપેલા સંખ્યાઓ/પ્રતીકોને તેની નીચે આપેલા અક્ષર કૂટ (કોડ)નો ઉપયોગ કરીને, ત્યારબાદ નીચે આપેલી શરતો મુજબ કૂટબદ્ધ કરવામાં આવે છે. શરતોને અનુસરીને કરવામાં આવેલા કૂટ (કોડ)નું સાચું સંયોજન એ તમારો જવાબ રહેશે. જો કોઈપણ શરત અનુસરવામાં આવતી ન હોય, તો સંબંધિત સંખ્યાઓ/પ્રતીકો માટેના કોડને કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે સીધા જ અનુસરવામાં આવવા જોઈએ.

સંખ્યા/પ્રતીક 1 & 3 6 # + @ 7 ! 5

કૂટ (કોડ) G M Q T H V K P R D

શરતો:
(i) જો પહેલો ઘટક પ્રતીક હોય અને છેલ્લો ઘટક સંખ્યા હોય, તો આ કિસ્સામાં બે ઘટકો (પ્રથમ અને છેલ્લા ઘટકો) નાં કોડને એકબીજા સાથે બદલવા પડશે.
(ii) જો પહેલો ઘટક એક એકી સંખ્યા હોય અને છેલ્લો ઘટક એ એક બેકી સંખ્યા હોય, તો પહેલા અને છેલ્લા ઘટકોને © તરીકે કૂટબદ્ધ કરવું પડશે.
(iii) બીજા અને ત્રીજા બંને ઘટકો જો પૂર્ણ વર્ગ સંખ્યા હોય, તો ત્રીજા ઘટકને બીજા ઘટક માટે જે કોડ છે તેનાથી કૂટબદ્ધ કરવું પડશે.
7 + # 3 6

Ans
1. © V Q H ©
2. P V H Q T
3. P V H Q ©
4. © V H Q ©

**Q.126** સંખ્યા 3714685ના દરેક અંકને ડાબેથી જમણે ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવે છે. મૂળ સંખ્યાની સરખામણીમાં કેટલા અંકોનું સ્થાન યથાવત રહેશે?

Ans
1. એક
2. બે
3. ત્રણ
4. એક પણ નહીં

**Q.127** એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનોને વાંચીને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

પ્રશ્ન:
P, Q, R, S અને T પૈકી સૌથી મોટું કોણ છે?

વિધાનો:
(I) P એ Q કરતાં મોટો છે. S એ P કરતાં મોટો છે.
(II) R એ Q કરતાં મોટો છે. T એ R કરતાં મોટો છે.

Ans
1. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાનો I અને II બંનેમાં આપેલી માહિતી એકસાથે (એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહિ) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.

**Q.128** પાંચ મિત્રો ચેતન, ગીતા, લલિત, પૂજા અને વિક્રમ પૈકી દરેકની ઉંમર અલગ અલગ છે. વિક્રમ એ ઉંમરમાં લલિત કરતાં મોટો છે. લલિત એ ઉંમરમાં ચેતન કરતાં મોટો છે. ગીતા એ ઉંમરમાં વિક્રમ કરતાં મોટી છે. પૂજા એ ઉંમરમાં ચેતન કરતાં નાની છે. નીચે આપેલી ખાલી જગ્યા ભરો.
આ જૂથમાં ઉંમરમાં બીજી સૌથી મોટી વ્યક્તિ (second oldest person) એ ______ છે.

Ans
1. વિક્રમ
2. ચેતન
3. ગીતા
4. લલિત

Q.129 PIGMENT શબ્દમાં દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે છે. આ રીતે બનેલા નવા અક્ષર સમૂહમાં ડાબી બાજુથી ચોથા અને જમણી બાજુથી બીજા સ્થાને રહેલા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં કેટલા અક્ષરો છે?

Ans
✗ 1. પાંચ
✗ 2. ત્રણ
✗ 3. ચાર
✓ 4. બે

Q.130 જો '+' નો અર્થ '–', '–' નો અર્થ '×', '×' નો અર્થ '÷' અને '÷' નો અર્થ '+' હોય, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

8 × 2 + 3 – 4 ÷ 10 = ?

Ans
✗ 1. 5
✗ 2. 11
✗ 3. 14
✓ 4. 2

Q.131 અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહોમાંથી ત્રણ ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી? (નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

Ans
✗ 1. OPS
✓ 2. GHL
✗ 3. DEH
✗ 4. JKN

Q.132 જો નીચે આપેલા સમીકરણમાં '+' અને '–' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને 'x' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' નાં સ્થાને શું આવશે?

16 × 4 + 3 ÷ 3 – 8 = ?

Ans
✗ 1. 9
✗ 2. 7
✗ 3. 1
✓ 4. 3

Q.133 S, T, U, V, W, X અને Y પૈકી દરેકની પરીક્ષા અઠવાડિયાના અલગ અલગ દિવસે હોય છે, જે સોમવારથી શરૂ થાય છે અને તે જ અઠવાડિયાના રવિવારે સમાપ્ત થાય છે.
S ની પરીક્ષા ગુરુવારે છે. S અને X ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિની પરીક્ષા છે. U ની પરીક્ષા Xની તરત જ પહેલાં છે પણ સોમવારે નથી. U અને Wની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓની પરીક્ષા છે. Yની પરીક્ષા V ની પહેલાં કોઈ એક દિવસે છે, પરંતુ Tની પરીક્ષાના પછી કોઈ એક દિવસે છે. તો Yની પરીક્ષા કયા દિવસે છે?

Ans
✗ 1. રવિવાર
✓ 2. બુધવાર
✗ 3. સોમવાર
✗ 4. શુક્રવાર

Q.134 એક પરિવારમાં 8 લોકો છે: ભરત, દેવી, ગણેશ, ઈશા, કરણ, મીરા, રાજેશ અને તારા. રાજેશ એ મીરાના પતિ છે. કરણ એ રાજેશનો પુત્ર છે. તારા એ મીરાની પુત્રી છે. ભરત એ તારાના પતિ છે. ગણેશ એ તારાનો પુત્ર છે. ઈશા એ ભરતની પુત્રી છે. દેવી એ કરણની પત્ની છે. તો ગણેશ એ રાજેશ સાથે કેવી રીતે સંબંધિત છે?

Ans
✓ 1. પુત્રીનો પુત્ર
✗ 2. ભાઈનો પુત્ર
✗ 3. પુત્ર
✗ 4. પુત્રનો પુત્ર

Q.135 આ પ્રશ્ન નીચેના શબ્દો પર આધારિત છે.

NOTE DOG BOOK IRON

ડાબી બાજુથી પ્રથમ શબ્દના પ્રથમ અક્ષર અને જમણી બાજુથી પ્રથમ શબ્દના ત્રીજા અક્ષર વચ્ચે અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ કેટલા અક્ષરો આવેલા છે?

Ans
✔ 1. એકપણ નહીં
✘ 2. એક
✘ 3. બે
✘ 4. ત્રણ

Q.136 સાત વ્યક્તિઓ - B, J, L, K, V, W અને Z પૈકી દરેક ઉત્તર દિશા તરફ મુખ રાખીને એક હરોળમાં બેઠા છે. B ની ડાબી બાજુએ માત્ર Z બેઠો છે. Z અને J ની વચ્ચે માત્ર ચાર જ વ્યક્તિઓ બેઠા છે. K અને V ની વચ્ચે માત્ર L બેઠો છે અને K એ J ની તરત જ બાજુમાં બેઠો નથી. તો J ની જમણી બાજુએ કેટલા વ્યક્તિઓ બેઠા છે?

Ans
✘ 1. 2
✘ 2. 3
✘ 3. 4
✔ 4. 1

Q.137 A, B, C, Q, S અને T એક જ ઈમારતના છ અલગ અલગ માળ પર રહે છે. ઈમારતમાં સૌથી નીચેના માળને 1, તેની ઉપરના માળને 2 અને આ જ ક્રમ અનુસરતા ઉપરના માળોને ક્રમાંક આપેલા છે, આ અનુક્રમમાં સૌથી ઉપરના માળનો ક્રમાંક 6 છે.
S અને A ની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓ રહે છે. B અને Q ની વચ્ચે માત્ર બે જ વ્યક્તિઓ રહે છે. C અને Q ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિ રહે છે. C એ 1 ક્રમાંકના માળ પર રહે છે. S એ Q ની ઉપર રહે છે.
T ની ઉપર કેટલા લોકો રહે છે?

Ans
✔ 1. બે
✘ 2. એક
✘ 3. ત્રણ
✘ 4. ચાર

Q.138 નીચે આપેલા વિધાનો અને તારણોને કાળજીપૂર્વક વાંચો. ધારી લો કે વિધાનોમાં આપેલી માહિતી સાચી છે, ભલે તે સામાન્ય રીતે જાણીતા તથ્યોથી અલગ હોય, અને નક્કી કરો કે આપેલા તારણોમાંથી કયું તારણ/ કયા તારણો વિધાનોને તાર્કિક રીતે અનુસરે છે.

વિધાન: કેટલાક બીજ, પાક છે. બધા પાક, છોડ છે.

તારણ (I) : કેટલાક બીજ, છોડ છે.
તારણ (II) : બધા છોડ, પાક છે.

Ans
✘ 1. (I) અને (II) બંને તારણો અનુસરે છે.
✘ 2. ન તો તારણ (I) કે ન તો તારણ (II) અનુસરે છે.
✘ 3. ફક્ત તારણ (II) અનુસરે છે.
✔ 4. ફક્ત તારણ (I) અનુસરે છે.

Q.139 એક પરિવારમાં B, E, H, L, P, S, V અને X એમ કુલ 8 વ્યક્તિઓ છે. B એ Eની પત્ની છે. H એ Bની પુત્રી છે. L એ Hનો પતિ છે. P એ Hનો પુત્ર છે. S એ Hનો ભાઈ છે. V એ Lની પુત્રી છે. X એ Pની બહેન છે. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.
B એ L ની/ના ______ છે.

Ans
✔ 1. પત્નીની માતા
✘ 2. માતાની માતા (નાની)
✘ 3. પતિની માતા (સાસુ)
✘ 4. પિતાની માતા (દાદી)

Q.140 NOETICAL શબ્દમાં દરેક અક્ષરને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં તેના તરત જ પછી આવતા અક્ષરમાં બદલવામાં આવે અને પછી આ રીતે બનેલા બધા અક્ષરોને અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમમાં ગોઠવવામાં આવે, તો મૂળ શબ્દની તુલનામાં આ રીતે બનેલા અક્ષરોના જૂથમાં કેટલા અક્ષરોનું સ્થાન યથાવત (અપરિવર્તિત) રહેશે?

Ans
1. ત્રણ
2. એકપણ નહીં
3. બે
4. એક

Q.141 આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

એક ચોક્કસ કોડ ભાષામાં, 'river' માટે કોડ શું છે?

(I) 'river flows fast' ને 'ja ma ne' તરીકે કોડ કરવામાં આવે છે. 'ocean flows deep' ને 'pa ma re' તરીકે કોડ કરવામાં આવે છે. 'river is deep' ને 'ja se re' તરીકે કોડ કરવામાં આવે છે.
(II) 'mountain river valley' ને 'ja ka la' તરીકે કોડ કરવામાં આવે છે. 'valley ocean peak' ને 'la pa wa' તરીકે કોડ કરવામાં આવે છે.

Ans
1. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતીને એકસાથે ( એકલા વિધાન I અથવા એકલા વિધાન II ની માહિતી નહીં) પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
2. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
3. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
4. વિધાનો (I) અને (II) બંનેમાં આપેલી માહિતી એકસાથે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

Q.142 એક સેમેસ્ટર પરીક્ષામાં, છ વિદ્યાર્થીઓ અર્જુન, દીક્ષા, હર્ષ, કોમલ, નિખિલ અને સીમા પૈકી દરેકે અલગ-અલગ ગુણ મેળવ્યા છે. દીક્ષાએ અર્જુન કરતાં વધુ ગુણ મેળવ્યા છે. હર્ષે દીક્ષા કરતાં વધુ ગુણ મેળવ્યા છે. કોમલે અર્જુન કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. નિખિલે કોમલ કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. સીમાએ હર્ષ કરતાં વધુ ગુણ મેળવ્યા છે. કેટલા વિદ્યાર્થીઓએ દીક્ષા કરતાં ઓછા ગુણ મેળવ્યા છે?

Ans
1. ચાર
2. ત્રણ
3. બે
4. એક

Q.143 C, L, S, T અને W પૈકી દરેકના ગુણ અલગ-અલગ છે. C અને S ની વચ્ચે માત્ર એક જ વ્યક્તિએ ગુણ મેળવ્યા છે. L અને C ની વચ્ચે માત્ર ત્રણ વ્યક્તિઓએ ગુણ મેળવ્યા છે. T એ C કરતાં તરત જ વધુ ગુણ મેળવ્યા છે.
તો W કરતાં ઓછા ગુણ મેળવનાર વ્યક્તિઓની સંખ્યા કેટલી છે?

Ans
1. એક
2. ત્રણ
3. બે
4. ચાર

Q.144 જો 12 ઓગસ્ટ 2021 ના રોજ ગુરુવાર હોય, તો 28 ફેબ્રુઆરી 2009 ના રોજ અઠવાડિયાનો કયો વાર હશે?

Ans
1. શુક્રવાર
2. સોમવાર
3. શનિવાર
4. રવિવાર

**Q.145** **અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે HFGU એ અમુક ચોક્કસ રીતે LJKY સાથે સંબંધિત છે. તે જ રીતે, XIPF એ BMTJ સાથે સંબંધિત છે. તે સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી કયા વિકલ્પ સાથે HXKD સંબંધિત છે?**

**Ans**
✔ 1. LBOH
✘ 2. NAQP
✘ 3. KCPN
✘ 4. JFSR

**Q.146** **આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી I અને II થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપવામાં આવેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.**

**બિંદુ B ની સાપેક્ષે બિંદુ A કઈ દિશામાં છે?**

**વિધાન I: બિંદુ A એ બિંદુ C થી 10 મીટર ઉત્તરમાં છે અને બિંદુ C એ બિંદુ B થી 5 મીટર પૂર્વમાં છે.**
**વિધાન II: બિંદુ A અને બિંદુ B વચ્ચેનું અંતર બરાબર 15 મીટર છે.**

**Ans**
✘ 1. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
✔ 2. વિધાન (I) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (II) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 3. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✘ 4. વિધાન (II) માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન (I) માં આપેલી માહિતી એકલી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.147** **નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવી શકે તેવું સૌથી નજીકનું અંદાજિત મૂલ્ય કયું આવશે?**

**64.99 - 25.02 + 9.05 x 6.99 = ?**

**Ans**
✔ 1. 103
✘ 2. 118
✘ 3. 130
✘ 4. 88

**Q.148** **આપેલા શબ્દો અંગ્રેજી ભાષાના શબ્દકોશમાં (Dictionary) જે ક્રમમાં આવે છે, તે દર્શાવતો સાચો વિકલ્પ પસંદ કરો.**

**1. Chair**
**2. Table**
**3. Desk**
**4. Sofa**

**Ans**
✔ 1. 1, 3, 4, 2
✘ 2. 1, 2, 3, 4
✘ 3. 3, 1, 4, 2
✘ 4. 1, 4, 3, 2

**Q.149** **નીચે આપેલી અક્ષર શ્રેણીનો સંદર્ભ લો અને તેની નીચે આપેલા પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.**
**(ડાબી બાજુ) P U E Y N A E L Q E I H T Q A E I Z I A D C M D G B (જમણી બાજુ)**
**એવા કેટલા સ્વરો છે, જે દરેકની તરત જ પહેલા એક સ્વર આવે છે અને તરત જ પછી એક વ્યંજન પણ આવે છે?**

**Ans**
✔ 1. પાંચ
✘ 2. છ
✘ 3. ચાર
✘ 4. ત્રણ

**Q.150** **આ પ્રશ્ન નીચે આપેલી પાંચ, ત્રણ-અંકની સંખ્યાઓ પર આધારિત છે.**

**(ડાબી બાજુ) 843 6732 7054 211 214 (જમણી બાજુ)**

**નોંધ: બધી ક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબી બાજુથી જમણી બાજુ કરવાની છે.**

**જો દરેક સંખ્યાના પ્રથમ અંકમાં 1 ઉમેરવામાં આવે, તો આ રીતે મળતી કેટલી સંખ્યાઓમાં પ્રથમ અંક એ બીજા અંક વડે નિ:શેષ વિભાજ્ય હશે?**

**Ans**

✔ 1. ત્રણ

✘ 2. ચાર

✘ 3. એક

✘ 4. બે

"